ગાંધીનગર સમાચાર

# દેશભરમાં શાકભાજીના ભાવમાં ભડકો

નવી દિલ્હી,તા.૧૮

દેશભરમાં શાકભાજીની કિંમતમાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળી લીધા બાદથી ભાવ વધારો થઈ રહ્યો છે. દેશના મોટા શહેરોમાં સામાન્ય લોકો ઉપર બોજ વધી રહ્યો છે. અમદાવાદ, મુંબઈ, દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ સહિતના બજારોમાં ચીજવસ્તુઓના ભાવમાં તીવ્ર વધારો થયો છે. શાકભાજીના વધતા ભાવથી લોકોમાં ચિંતાની સાથે-સાથે નારાજગી પણ છે. ૧૭મી જુનના દિવસે બટાકા અને ડુંગળીના ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો. એકબાજુ મુંબઈમાં બટાકા અને ડુંગળીના ભાવ કિલો દીઠ ૨૬-૨૯ રૂપિયા હતા જે ૧૬મી મેના દિવસે ૧૬-૨૦ રૂપિયા હતા. આવી જ રીતે ટામેટા મુંબઈમાં ૨૪-૨૮ના ભાવે વેચાઈ રહ્યા છે. સરકારે ગઈકાલે જ નિકાસને અંકુશમાં લેવા ડુંગળી ઉપર પ્રતિ ટન ૩૦૦ ડોલરની લઘુત્તમ નિકાસ કિંમત લાદી દીધી હતી. સ્થાનિક ભાવ વધારાને રોકવા માટે પગલા લેવાયા હતા. બીજી બાજુ ડુંગળીની કિંમત રાષ્ટ્રીય પાટનગરમાં એક પખવાડિયા અગાઉ ૧૫-૨૦ રૂપિયાના બદલે ૨૫-૩૦ રૂપિયા થઈ છે. કોલકત્તાના બજારોમાં પણ ડુંગળી અને અન્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાથી જ કહી ચુક્યા છે કે, સરકાર ભાવ વધારાને અંકુશમાં લેશે પરંતુ સ્થિતિ હાલમાં બેકાબુ બનેલી છે. છેલ્લા બે



સપ્તાહના ગાળામાં ચેન્નાઈના બજારમાં પણ શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સંગ્રહખોરી ઉપર અંકુશ મુકવામાં આવનાર છે. કેરળમાં નિષ્ણાંતોનું કહેવું છે કે, તીવ્ર વરસાદી ઝાપટા અને નબળા મોનસુનની અપેક્ષાના લીધે શાકભાજીના ભાવમાં ભડકો થયો છે. પૂણેમાં શાકભાજીની કિંમતો એક મહીના અગાઉની સરખામણીમાં ખૂબ વધી ગઈ છે. પૂણેમાં શાકભાજીના ભાવની વાત કરવામાં આવે તો ડુંગળીના ભાવ એક મહીના અગાઉ ૨૦ રૂપિયા હતા જે હવે ૩૫ રૂપિયા થયા છે. જ્યારે જયપુરમાં તાપમાન વધવાના લીધે હાલત કફોડી છે. ડુંગળીમાં સપ્તાહના ગાળામાં જ ૧૦ રૂપિયાનો વધારો થયો છે. નાસિકમાંથી સપ્લાય ઘટતા અછત સર્જાઈ છે આ જ ગાળામાં બટાકાના ભાવમાં ચારથી સાત રૂપિયા સુધીનો વધારો થયો છે. આવી જ રીતે ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહના ગાળામાં ડુંગળી અને બટાકાની કિંમતમાં ૧૫ ટકા સુધીનો વધારો થયો છે. હોલસેલ માર્કેટમાં પ્રતિ કિલો ૧૪ રૂપિયા હતી જે હવે વધીને ૧૬ રૂપિયા થઈ છે. આવી જ રીતે રીટેલમાં ૨૨ રૂપિયાથી વધુનો ભાવ બોલાઈ રહ્યો છે.

**ત્રાસવાદીઓ પાટનગર બગદાદ નજીક પહોંચ્યા**

## ઇરાક કટોકટી ઘેરી : ઓઈલ રિફાઈનરી પર કબ્જાનો પ્રયાસ

નવી દિલ્હી,તા.૧૮

ઈરાકમાં કટોકટી દિનપ્રતિદિન વધુ ગંભીર બની ગઈ છે. ઈરાક કટોકટીને હળવી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પરંતુ સ્થિતિ વણસી રહી છે. અમેરિકા દ્વારા પણ લશ્કરી કાર્યવાહીની યોજના ચાલી રહી છે. ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરીયા (આઈએસઆઈએસ)ના ત્રાસવાદીઓ દેશની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી પર અંકુશ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે ઈરાકના વડાપ્રધાન નુરીઅલ માલિકીએ લોકોને બળવાખોરો સામે સંગઠિત થવા અપીલ કરી છે અને તેમને ખદેડી મુકવા ત્રાસવાદીઓ સામે લડતમાં સ્વેચ્છિક રીતે જોડાવવા અપીલ કરી છે. આતંકવાદીઓ બૈજી ઓઈલ રિફાઈનરી ઉપર અંકુશ મેળવવા મોર્ટારના હુમલા કરી રહ્યા છે. સાઉદી એરેબીયાનો ઉલ્લેખ કરતા માલિકીએ કહ્યું છે કે, બહારના કેટલાક દેશોનો પણ ટેકો મળી રહ્યો છે. ઈરાકમાં કટોકટી ઉકેલવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ઈરાકમાં કટોકટીને ભડકાવવા બદલ સાઉદી અરેબિયા ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. ઓઈલ રિફાઈનરી પૈકી ૭૫ ટકા વિસ્તાર ઉપર બળવાખોરો અંકુશ મેળવી ચુક્યા છે જોકે ઈરાકી સેનાનું કહેવું છે કે, આઈએસઆઈએસના ત્રાસવાદીઓને પછડાટ આપવામાં આવી છે. ૪૦ હુમલાખોરો માર્યા ગયા છે. સુન્ની ત્રાસવાદીઓ બાકુબા ઉપર અંકુશ મેળવવા લડત ચલાવી રહ્યા છે.બાકુબા પ્રાંત બગદાદથી ૩૭ માઈલના અંતરે સ્થિત છે. ત્રાસવાદીઓ ગયા સપ્તાહમાં મોસુલ અને તિકરીટ ઉપર અંકુશ મેળવી ચુક્યા છે. ઈરાકી સૈનિકો લડત ચલાવી રહ્યા છે પરંતુ આગામી દિવસોમાં અમેરિકા કાર્યવાહી કરે તેવી શક્યતા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ત્રાસવાદીઓ બગદાદ તરફ કૂચ કરી રહ્યા છે. મોટાભાગના પ્રોડ્કશન યુનિટો ઉપર અને વહિવટી ઈમારતો ઉપર અંકુશ મેળવી ચુક્યા છે.

## શિસ્તના મામલે ૪૭ કેબિન ક્રૂની એરઈન્ડિયા દ્વારા હકાલપટ્ટી

નવી દિલ્હી, તા.૧૮

શિષ્તની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવાના હેતુસર એરઈન્ડિયાએ આજે તેના કેબિન ક્રૂના ૪૭ સભ્યોની હકાલપટ્ટી કરી દીધી હતી. ગેરહાજરી અને અન્ય શિષ્તના આધાર ઉપર તેમની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. આજ આધાર ઉપર અન્ય ૨૦ સભ્યોને નોટિસ પણ ફટકારાઈ છે. એરલાઈનના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, શિસ્તને જાળવવા માટે બનતા તમામ પગલાઓ લેવામાં આવશે. જે સભ્યોની હકાલપટ્ટી કરવામાં આવી છે તેમાં મુંબઈમાં રહેલા તમામ સભ્યોનો સમાવેશ થાય છે. કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર મહિનાઓ સુધી બેદરકારી દાખવવા બદલ ૧૭ને નોટીસ જારી કરવામાં આવી છે. કારણદર્શક નોટિસ આપીને ખુલાસો કરવા પણ કહેવામાં આવ્યું છે. જોકે જરૂરી રજુઆત કરવામાં આવ્યા બાદ કેટલાકને ફરી કામ ઉપર લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. નિયમીત આધાર ઉપર શિસ્તના પગલા લેવામાં આવશે. હાલમાં કેબીન ક્રૂનું સંખ્યાબળ ૩૫૦૦ની આસપાસ છે. કેટલાક કેબિન ક્રૂના સભ્યો અન્યત્ર નોકરીની શોધખોળ કરી રહ્યા હતા. ગલ્ફ કેરિયરમાં નોકરીની શોધખોળ કરી રહ્યા હતા. કેબિન ક્રૂ માટે પ્રવર્તમાન કામના કલાકો પ્રતિ મહિને ૧૨૫ કલાક છે જ્યારે દર વર્ષે ૧૦૦૦ કલાકનું કામ છે. પરંતુ કારણ દર્શક નોટિસ જે લોકોને ફટકારવામાં આવી છે અથવા તો જેમની હકાલપટ્ટી કરવામાં આવી છે તેઓએ હાલમાં એક કલાકની પણ ફરજ બજાવી નહતી.

## ઈરાક કટોકટી વચ્ચે શેરબજાર તૂટ્યુ : ૨૭૫ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા.૧૮

ઈરાક કટોકટી વચ્ચે શેરબજારમાં જોરદાર કડાકો બોલી ગયો છે. આજે સેન્સેક્સમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. આઈએસઆઈએસના ત્રાસવાદીઓ પાટનગર શહેર બગદાદની નજીક પહોંચ્યા છે તેવા અહેવાલ વચ્ચે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ઈરાકમાં હિંસાની સીધી અસર શેર બજાર ઉપર થઈ છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો ઉપર પણ અસર થઈ છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત બેરલ દીઠ ૧૧૩ ડોલર સુધી પહોંચી ગઈ છે. આજે સેન્સેક્સ ૨૭૫ પોઈન્ટ ઘટીને ૨૫૨૪૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે એક વખતે સેન્સેક્સ ૨૫૬૦૯ સુધી પહોંચ્યો હતો. ઈન્ટ્રાડે દરમિયાન ઉથલપાથલ વચ્ચે સેન્સેક્સ એક વખતે ઘટીન ૨૫૧૧૪ની નીચી સપાટીએ પણ પહોંચ્યો હતો. નિફ્ટી ૭૪ પોઈન્ટ ઘટીને ૭૫૫૮ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડે દરમિયાન નિફ્ટી ૭૬૬૩ સુધી પહોંચી ગયો હતો. બીએસઈ મિડકેપ ૦.૭૩ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨૮ ટકાનો ઘટાડો થયો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૮૨ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે બેંકેક્સમાં ૧.૨૨ ટકા અને મેટલ ઈન્ડેક્સમાં ૧.૩૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. આઈટી ઈન્ડેક્સમાં ૧.૪૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. આજે જે શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો તેમાં ભેલમાં ૩.૨૯ ટકા, આરઆઈએલમાં ૨.૫૩ ટકા, ટીસીએસમાં ૨.૪૭ ટકા, સનફાર્મામાં ૨.૩૦ ટકા, એનટીપીસીમાં ૨.૧૬ ટકાનો ઘટાડો થયો હતો. આવી જ રીતે જે શેરમાં ઉછાળો નોંધાયો હતો તેમાં સિપલામાં ૨.૭૦ ટકા, હિન્દાલ્કોમાં ૨.૩૪ ટકા, ગેલમાં ૧.૫૬ ટકા, મારુતિમાં ૦.૯૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. બીએસઈમાં ૧૩૮૮ શેરમાં તેજી રહી હતી અને જ્યારે ૧૬૪ શેરમાં મંદી રહી હતી. વિદેશી રોકાણકારોએ ૪૮.૦૨ કરોડના શેરનું વેચાણ કર્યું છે.

## હોમી ભાભાના બંગલો અંતે ૩૭૨ કરોડમાં વેચાયો

મુંબઈ,તા. ૧૮

ભારતના અણુ ઉર્જા કાર્યક્રમના પિતા તરીકે ગણાતા હોમી જે ભાભાના આઈકોનીક બંગલાની આજે હરાજી થઈ હતી. મહેરાંગીર નામથી ઓળખાતા આ આઈકોનીક બંગલાનું ૩૭૨ કરોડ રૂપિયામાં અંતે વેચાણ થયું હતું. હરાજીમાં ઉંચી બોલી બોલાઈ હતી. આ બંગલાને મ્યુઝિયમમાં ફેરવી નાખવા માટે છેલ્લા ઘણા સમયથી માંગ થઈ રહી હતી. પરંતુ આજે હરાજી મારફતે આઈકોનિક બંગલાનું વેચાણ કરાયું હતું. સૌથી ઉંચી બોલી લગાવનાર લીડરનું નામ જાહેર કરવામાં આવ્યું નથી પરંતુ તે પ્લસ માલાબારહિલ ખાતે પણ સંપત્તિ ધરાવે છે. આ પ્રોપર્ટી ૧૧૫ કરોડની આસપાસની છે. વિજેતા બીડરની વિનંતીના આધાર ઉપર તેમની ઓળખ જાહેર કરવામાં આવી નથી. નેશનલ સેન્ટ્રલ ફોર પર્ફોમિંગ આર્ટ ખાતે હરાજીની પ્રક્રિયા ચાલી હતી. ૧૫ હજાર સ્કેવર ફૂટના બીલ્ટઅપ વિસ્તારમાં બનેલા ત્રણ માળના બંગલામાં પ્લોટ મેઝેરીંગ ૧૫૯૩ સ્કવેરની આસપાસ છે. દરિયાના કિનારે આ બંગલો હોવાથી તેનું મહત્વ વધારે છે. વર્ષ ૧૯૬૬માં વિમાન દુર્ઘટનામાં ભાભાના મોત બાદ તેમના ભાઈ જમશેદે




તેનો ઉપયોગ કર્યો હતો. ૨૦૦૭માં જમસેદના મોત બાદ આ સંપત્તિ એનસીપીએને આપી દેવામાં આવી હતી. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરના કેટલાક કર્મચારીઓએ કેન્દ્રમાં અરજી કરીને મુંબઈ હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને આ બંગલાના વેચાણ બદલે તેને એટોમીક એનર્જી મ્યુઝિયમમાં ફેરવી નાંખવા વિનંતી કરી હતી. હાઈકોર્ટે સોમવારના દિવસે વેચાણ સામે સ્ટેને મંજુરી આપવાનો ઈનકાર કર્યો હતો અને મામલો ૨૩મી જુન સુધી મોકુફ કર્યો હતો.

## ભાજપ નેતા યશવંતસિંહાને કોર્ટથી અંતે મળેલા જામીન

હઝારીબાગ, તા.૧૮

ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી હઝારીબાગની જેલમાં મળ્યાના એક દિવસ બાદ પાર્ટીના નેતા યશવંતસિંહાને કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. વિજળી કટોકટીને લઈને આંદોલન બાદ ધરપકડ કરાયા પછી જામીન મેળવવાનો ઈન્કાર કરતા યશવંત સિંહા એક પખવાડીયા સુધી જેલમાં રહ્યા હતા. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ આરબી પાલે જામીન મંજુર કર્યા હતા. સિંહાના વકિલ અનિલકુમાર અને રાજકુમાર દ્વારા જામીન અરજી કરવામાં આવી હતી. સિંહા ત્રીજી જુનના દિવસથી જ્યુડીશીયલ કસ્ટડીમાં હતા. જેલમાં સિંહાને મળ્યા બાદ અડવાણીએ ગઈકાલે જ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, જામીન મેળવી લીધા બાદ સિંહા જેલમાંથી બહાર આવશે.



ઝારખંડમાં વિજળી કટોકટી સામે ભાજપના અંદોલનનું યશવંતસિંહા નેતૃત્વ કરી રહ્યા હતા. અડવાણીએ એમપણ કહ્યું હતું કે, યશવંતસિંહા આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચુંટણી બાદ મુખ્યમંત્રી પદ માટે બિલકુલ યોગ્ય ઉમેદવાર છે. યશવંતસિંહા અને પક્ષના કેટલાક સમર્થકોની બીજી જુનના દિવસે ધરપકડ કરી લેવામાં આવી હતી. જેએસઈડીના જનરલ મેનેજર ધાનેષ ઝા દ્વારા તેમની સામે એફઆઈઆર દાખલ કરાયા બાદ તેમની ધરપકડ કરાઈ હતી. ઓફિસમાં તોડફોડ કરવાનો તેમના પર આક્ષેપ કરાયો હતો. યશવંતસિંહાએ જામીન મેળવવાનો અગાઉ ઈનકાર કર્યો હતો જેથી તેમને ૧૪ દિવસ માટે જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. ત્યારબાદ જ્યુડીશીયલ કસ્ટડી ૨૮મી જુન સુધી લંબાવાઈ હતી. ૧૬મી જુનના દિવસે જામીન અરજી કરાઈ હતી. જામીન મેળવી લેવા રાજનાથસિંહ સહિતના વરિષ્ઠ નેતાઓએ તેમને અપીલ કરી હતી. આજે સિંહાની સાથેના સમર્થકોને જામીન મળ્યા હતા.

**આઠમી જુલાઇએ રેલવે બજેટ રજૂ કરાશે**

## કેન્દ્રિય બજેટ નવમી જુલાઈએ રજૂ થાય તેવી પ્રબળ સંભાવના

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી નવમી જુલાઈના દિવસે સંસદમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટેનુ કેન્દ્રિય બજેટ રજૂ કરે તેવી શક્યતા છે. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે સંસદનુ બજેટ સત્ર સાતમી જુલાઈથી શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. જ્યારે રેલવે બજેટ આઠમી જુલાઈના દિવસે રજૂ કરવાની હિલચાલ ચાલી રહી છે. ટુંક સમયમાં સંસદના બજેટ સત્રની શરૂઆત મામલે કાર્યક્રમ જાહેર કરાશે. બન્ને બજેટને જુલાઈના અંત પહેલા મંજૂર કરી લેવામાં આવે તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણી પહેલા વોટ ઓન એકાઉન્ટ રજૂ કરવામાં આવ્યા બાદ બજેટને લઈને ચર્ચા હતી. કેન્દ્રિય નાણાં પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી ચુકેલા અરૂણ જેટલીનુ આ પ્રતમ બજેટ હશે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા બાદ તે પ્રથમ મોટા નિર્ણય બજેટ મારફતે જાહેર કરનાર છે. મોદી સરકાર અર્થતંત્રને મજબુત અને નવી દિશા આપવાની વાત મોદી સરકારે કેટલીક વખત કરી છે. જેટલી પહેલાથી જ બજેટ પૂર્વે ની વાતચીતનો દોર શરૂ કરી ચુક્યા છે. આ વાતચીતનો દોર હાલ ચાલી રહ્યો છે.દેશના ઉદ્યોગ જગત સહિતના જુદા જુદા સંગઠનો તરફથી બજેટને લઈને રજૂઆત કરવામાં આવી રહી છે.

સંબંધિત જુથો સાથેની વાતચીતના મુદ્દા નોંધવામાં આવી રહ્યા છે. જેટલી સામે બજેટ રજૂ કરતી વેળા કેટલાક પડકારો છે. જેમાં ભાવ વધારાને ાકાબુમાં લેવાની બાબત સામેલ છે. આર્થિક મોરચે રહેલા પડકારોને પહોંચી વળવા સરકાર તૈયાર છે. નાણાંકીય મજબુતીના માર્ગ પર દેશને લાવવાની જરૂર છે. અન્ય બાબતોની સાથે સાથે જેટલી સબસિડીને તર્કસંગત બનાવવાના મામલે પણ નિર્ણય કરી શકે છે. ટેક્સના મામલે કેવા પગલા લેવામા આવે છે તે બાબત ઉપયોગી સાબિત થઈ શકે છે.

**મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)**

(પાના નં. ૪ નું ચાલુ)

આજે ઘણા મા-બાપ એવા છે કે જેઓ અહીંયા નાના ગામડાઓમાં કે શહેરમાં એકલા દુ:ખી હાલતમાં રહે છે. ખેતી કરે છે. મજૂરી કરે છે, ભીખ માગે છે અને એમના પુત્રો વિદેશોમાં કરોડપતિ થઈને ફરે છે. કેમકે માતા-પિતા કે પુત્ર કોઈ બદલાવા તૈયાર નથી. પરિવર્તન એ જગતનો નિયમ છે. પર્વતો, નદીઓ, મહાસાગરો, સૂર્ય, ચંદ્ર બધું જ બદલાતું હોય, પરિવર્તન પામતું હોય તો આપણો સ્વભાવ કેમ નહીં ? માતા-પિતાએ એ સમજવું જોઈએ કે ૫૦/૧૦૦ વર્ષ પહેલા હતું તે આજે નથી અને પુત્રએ એ સમજવું જોઈએ કે આજે છે તે આવતા ૫૦/૧૦૦ વર્ષ પછી નહીં હોય. જ્યાં પ્રાથમિક સમજ નથી ત્યાં હંમેશાં કલેશ-ઝઘડાઓ જ થાય છે, અશાંતિ ફેલાય છે. માટે સમજદારી, થોડું જતું કરવાની ભાવના, અને થોડી સહનશક્તિ આપણામાં ઉતારીશું તો આપણે સંતાનોમાં પણ એ આપોઆપ આવશે અને સંઘર્ષ, તનાવ, અશાંતિનું ચક્ર અટકી જશે. નવો સૂર્ય ઉગશે, પ્રેમ-લાગણી અને સદ્‌ભાવના આખા ઘરમાં પ્રકાશની માફક પ્રસરી જશે અને આપણને લાગશે કે ના, ખરેખર જીવન જીવવા જેવું છે.

તો, આવો આપણે સૌ સાથે મળીને આપણામાં સારા સંસ્કારોનો વિકાસ થાય, આપણા વિચારો શુદ્ધ અને પવિત્ર બને, આપણી ભાષા મૃદુ અને મીઠી બને એવી પ્રભુને પ્રાર્થના કરીએ.

## રાજેશ ખન્નાના પાર્ટનરને કોઇ રાહત આપવા કોર્ટનો ઈનકાર

મુંબઈ, તા.૧૮

મુંબઈ હાઈકોર્ટે રાજેશ ખન્નાની સંપત્તિના દસ્તાવેજો અનિતા અડવાણીને આપવાનો ઈનકાર કરી દીધો છે. બોલીવુડના સ્વર્ગસ્ત અભિનેતાના લીવ ઈન પાર્ટનર તરીકે અનિતા અડવાણી રહ્યા હતા. અડવાણીના વકિલ દ્વારા દસ્તાવેજોની માંગણી કરવામાં આવી હતી.

પરંતુ રાજેશ ખન્નાના પાર્ટનર માટે હાઈકોર્ટે કોઈપણ રાહત આપવાનો ઈન્કાર કરી દીધો છે. રાજેશ ખન્નાના કાયદાકીય નિષ્ણાંતો દ્વારા કાર્યવાહી કરવા અરજી કરાઈ હતી. રાજેશ ખન્નાનું ૨૦૧૨માં અવસાન થયું હતું. તેઓ પાછળ વસીહત છોડી ગયા હતા જેમાં એક્ઝક્યુટ્રીક્સ તરીકે તેમની પુત્રી ટ્વીંકલની નિમણૂંક કરવામાં આવી હતી. ટ્વીંકલ અભિનેતા અક્ષયકુમાર સાથે લગ્ન કર્યા હતા. ટ્વીંકલે પ્રોબેટ સર્ટીફીકેશનની માંગણી કરવામાં આવી હતી. અને જણાવ્યું હતું કે, આ વસીહત માન્ય અને પ્રમાણિક છે. ૨૦૧૩માં હાઈકોર્ટે પ્રોબેટની નકલની મંજૂરી આપી હતી. પરંતુ અનિતાએ કાર્યવાહીની નકલની માંગ કરી હતી. ટ્વિંકલે કહ્યું હતું કે, અનિતા અડવાણી સ્ટ્રેન્જર તરીકે હતા અને થર્ડ પાર્ટી તરીકે હતા.

## બ્રાઝિલ મેક્સિકોની સામે વિજય મેળવવામાં નિષ્ફળ

રિયો ડી જિનેરિયો,તા. ૧૮

ફીફા વર્લ્ડ કપની મહત્વપૂર્ણ મેચમાં યજમાન બ્રાઝિલ મેક્સિકોની સામે જીત મેળવવામાં નિષ્ફળ રહેતા ફુટબોલ ચાહકોમાં નિરાશા રહી હતી. ફોર્ટલેજા ખાતે રમાયેલી ગ્રુપ એની મેચમાં મેક્સિકો અને બ્રાઝિલ વચ્ચેની મેચ કોઈ પણ ગોલ વગર ડ્રો થઈ હતી. મેક્સિકોના ડિફેન્ડરોની શાનદાર રમત અને ગોલ કિપર ઓચોહના ભવ્ય દેખાવના કારણે આ મેચમાં બ્રાઝિલના ખેલાડી ગોલ કરી શક્યા ન હતા. બ્રાઝિલના ખેલાડી શરૂઆતથી ખુબ આક્રમક દેખાયા હતા. જો કે બન્ને ટીમોને ગોલ કરવાની કોઈ તક મળી ન હતી. ખીચોખીચ બરેલા સ્ટેડિયમમાં બ્રાઝિલના ચાહકોને બીજા હાફમાં ગોલ થસે તેવી આશા હતી પરંતુ આ આશા પુરી થઈ ન હતી. આ મેચમાં મેક્સિકોના ગોલકિપર ગ્લિલૈર્મો ઓચોહ એક સ્ટાર ખેલાડી બનીને ઉભર્યો હતો. નેપાર અને ઓસ્કાર જેવા શાનદાર ફોરવર્ડ ખેલાડી પણ ઓચોહની સામે ફ્લોપ રહ્યા હતા. ઓચોહે બ્રાઝિલના ગોલ કરવાના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવી દીધા હતા. બ્રાઝિલના નેમાર અને ઓસ્કારે અનેક વખત ખુબ સારી સ્થિતી સર્જી હહતી પરંતુ ઓચોહની સામે ફ્લોપ રહ્યા હતા. બ્રાઝિલ અને મેક્સિકોની વચ્ચે હજુ સુધી ૧૩ મેચો રમાઈ છે. જેમાં સાત વખત મેક્સિકોની જીત થઈ છે. આ મેચ ડ્રો થતા બ્રાઝિલનો માર્ગ પણ મુશ્કેલ બન્યો છે. જો કે તે હજુ ગ્રુપમાં ટોપ પર છે. દરમિયાન અન્ય એક મેચમાં બેલ્જિયમે અલ્જેરિયા પર ૨-૧થી જીત મેળવી હતી. આ મેચમાં બેલ્જિયમાના ખેલાડી છવાયેલા રહ્યા હતા. બેલો હોરિજોન્ટે ખાતે રમાયેલી ગ્રુપ એચની મેચમાં બેલ્જિયમે બીજા હાફમાં શાનદાર વાપસી કરીને અલ્જિરિયા પર ૨-૧થી જીત મેળવી હતી. પ્રથમ હાફમાં પાછળ રહી ગયા બાદ બેલ્જિયમના ખેલાડીઓએ બીજા હાફમાં શાનદાર દેખાવ કર્યો હતો. બેલ્જિયમ તરફથી બીજા હાફમાં ફેલાઈનીએ ૭૦મી મિનિટામાં ગોલ કર્યો હતો. જ્યારે માર્ટેન્સે ૮૦મી મિનિટમાં ગોલ કર્યો હતો. આની સાથે જ પોતાની ટીમની જીત નિશ્ચિત બની હતી. જ્યારે અઅન્ય એક મેચ રશિયા અને દક્ષિણકોરિયા વચ્ચે ડ્રો રહી હતી. ગ્રુપ એચની મેચમાં કુયાબા ખાતે આ મેચ પણ ડ્રો રહેતા ચાહકોને નિરાશા મળી હતી કારણ કે તે પહેલા બ્રાઝિલ અને મેક્સિકો વચ્ચેની મેચ પણ ડ્રો થઈ હતી. ફીફા કપમાં હજુ સુધી તમામ મેચો ખુબ રોમાંચક થઈ છે.શરૂઆત થયા બાદથી એકપછી એક મોટા અપસેટ થઈ રહ્યા છે. વર્તમાન ચેમ્પિયન સ્પેન પર નેધરલેન્ડે જીતી મેળવ્યા બાદ હવે કોસ્ટા રીકાએ શક્તિશાળી ઉરુગ્વેની ટીમને ૩-૧થી હાર આપીને તમામ ફુટબોલ ચાહકોને ચોંકાવી દીધા હતા.

## સમાચાર ઝલક

- ટ્રાન્સપ્લાન્ટ માટે ‘હૃદય’ લઇ જવા થંભાવી દેવાયો ચેન્નાઇનો ટ્રાફિક, તમામે સહકાર આપ્યો.
- અમરનાથ ગુફામાં ૨૦ ફૂટ ઊંચુ હિમલિંગ પ્રગટ થયું.
- દિલ્હીમાં ઇ-રીક્ષા પર પ્રતિબંધ નહિં મુકાય : નીતિન ગડકરી.
- શ્રીલંકામાં કોમી તોફાનો બૌદ્ધો દ્વારા મુસ્લિમો પર હુમલો.
- શ્રીલંકન ખેલાડી રોય સિલ્વાએ ૧૨૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો, ૯૧ બોલમાં ૨૯૫ રન, ૩૪ છગ્ગા, ૧૧ ચોગ્ગા.
- અમદાવાદમાં એક દર્દીનું એસિડ પીધા બાદ બળી ગયેલી અન્નનળીનું સફળ ઓપરેશન, કાઇઝન હોસ્પિટલની સફળ કામગીરી.
- ઇરાકની કટોકટીને પગલે વિશ્વના તેલ બજારો પર અસર થવાની શક્યતા.
- હાઇવે અકસ્માત નિવારણ ટેકનીક ગુજરાતને આપવા ઓસ્ટ્રેલિયા તૈયાર.
- ચીન, રશિયા, ભારતનો સંરક્ષણ ખર્ચ આગામી વર્ષોમાં વધશે.
- રિયલ એસ્ટેટમાં જોરદાર મંદી, હજારો ફ્લેટો બુક થયા વગર પડી રહ્યા છે.
- બાળકો ગુમ કેસમાં માનવીય અભિગમ અપનાવો : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ.
- પ્રમુખ સ્વામી દ્વારા એક લાખ લીમડાનાં વૃક્ષો આ વર્ષે રોપાશે.
- સૌરાષ્ટ્રમાં વિદ્યુત ઇજનેર ૫૦ હજારની લાંચ લેતાં રંગે હાથ સપડાયા.
- અનિયમિત ચોમાસાના અણસાર, સરેરાશ કરતાં ઓછો વરસાદ.
- વિદ્યાર્થીઓની પાછળ માતાનું નામ લખવા યુ.જી.સી.નો આદેશ.
- હવે ઉચ્ચ અભ્યાસ માટે ચીન-ફ્રાન્સ-જર્મનીનો જવાનો ક્રેઝ.
- જાપાનમાં ૮૦ વર્ષની મહિલાનો પીછો કરનાર ૮૫ વર્ષના પુરૂષની અટકાયત.
- ઇરાકની જેલ ઉપર સુન્ની મુસ્લિમોનો હુમલો, ૪૪ શિયા મુસ્લિમ કેદીનાં મોત.
- ફિલ્મ અભિનેત્રી પ્રીતિ ઝીન્ટા-નેસ વાડીયા વચ્ચે સમાધાન થઇ જશે.
- ડુંગળી-બટાટાની હવે દિવાળી સુધી અછત રહેશે.
- ઓફિસોમાં મોબાઇલ ફોન સૌથી ખરાબ આદત બન્યો, પ્રોડક્ટીવીટી ઘટાડતો હોય તેવો ૫૦% કંપનીઓનો મત.
- ધોરણ-૬ના સમાજ વિજ્ઞાનમાં શ્રેણીબદ્ધ ભૂલો, જાપાને અમેરિકા પર અણુહુમલો કર્યો, મહાગોટાળો.